# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૦૫ • તા.૧૩ એપ્રિલ થી ૧૯ એપ્રિલ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



# શ્રી ભલારા દાદાની સમૂહ પહેડી વિવિધ સ્થળોએ ઉત્સાહપૂર્વક ભક્તિભાવથી ઉજવાઈ

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# સદ્ભાવ અને સદ્ગુણોને સાચવીએ

પ્રત્યેક વ્યક્તિએ જીવનમાં સારા ભાવ રાખવા જોઈએ. શુભ ભાવનું ચિંતન કરીને જે અંતરમાં વિચાર જાગે એનાથી દ્રષ્ટિ સારી થશે, નિર્મળ થશે. માણસની અંદર જે પ્રકારના ભાવ જાગે છે તે પ્રમાણે તેનું જીવન ઘડાય છે. માણસના વિચારો સારા હોય તો તેનું વર્તન પણ તે મુજબનું સારું જ થાય. જો વિચારો દોષ ભર્યા હશે તો વર્તન પણ એવું જ દુષિત થશે. જે કદી કોઈનું સારું જોશે નહીંને કોઈનું સારું કરશે નહીં.

દરેકના મનમાં દુર્ગુણ અને સદ્ગુણના ભાવો હોય છે. દરેક સંસ્કારીને શિક્ષિત સભ્ય અને સારા પરિવારનો વ્યક્તિ સારો જ હોય છે, પણ કદિક સંગને કારણે તે દુર્ગુણના દુષિતપણાથી ગ્રસ્તિ થઈ જાય છે. સજાગ, સચેત દરેક વ્યક્તિ સારો થવા ચાહે છે અને સતત એ માટે જ મથે છે અને કોઈપણ હિસાબે પોતાનામાં રહેલી નબળાઈઓ દૂર કરવાના પ્રયાસોમાં રત રહે છે. આમ છતાં કેટલીક મૂળભૂત કમજોરી ઓને લીધે તેનામાં ઝટ પરિવર્તન આવતું નથી. કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ નથી. પણ સંકલ્પ બળ અને આંતરિક તાકાત તેને સતત દુર્ગુણના માર્ગથી પાછા વળવા પ્રેરે છે. એટલે ગમે તેવો ખરાબ માણસ પણ તે અંતરથી સારું કરે તેવા પ્રયાસમાં રહે છે. તો સારો વ્યક્તિ પોતાનાથી અજાણતા કંઈ ખોટું-ખરાબ ન થાય એ પ્રત્યે સભાન રહે છે. દરેક વ્યક્તિ પોતાની ઊણપ દૂર કરવા માગે છે પણ દુર્ગુણોના દલદલ ગંદવાડ એટલો ઝટ સાફ થવાનો નથી. એ માટે સતત મથવું પડે છે, પ્રયાસ કરવા પડે છે.

સારા સદ્ગુણરૂપી સંસ્કારની સરવાણી જો સતત વહેતી થશે તો એની પાછળ પાછળ બીજા સદ્ગુણો જેવા કે પ્રેમ, દયા, કરૂણા, માનવતા, સંતોષ અને પરોપકાર ભાવ પણ આવી જવાના. અને જો દુર્ગુણની જડ સતત પ્રયત્નો છતાં જડમૂળ ન થઈ, નાબૂદ ન થઈ તો તે રાગ, દ્વેષ, લોભ, મોહ, ક્રોધ અને અસંતોષના ભંડાર આપણી અંદર ઠાલવવાની. એટલે જ કોઈ જ્ઞાની એ સાચું કહ્યું છે કે સારી વસ્તુ બીજી સારી વસ્તુને આકર્ષે છે અને એક ખરાબ ચીજ બીજી ખરાબ વસ્તુને આવવાનો મારગ મોકળો કરી આપે છે.

દરેક વ્યક્તિના વિચાર, સંસ્કાર અને આચાર ભિન્ન ભિન્ન હોય છે. તેવી જ રીતે દરેક વ્યક્તિની ઊણપો, નબળાઈઓ અને કમજોરી જુદી હોય છે. દરેકએ પોતાની અંદર રહેલ નબળી કડીને શોધી કાઢો અને તેને દૂર કરવામાં ખૂંપી જાવ તો નિશ્ચિત જીવન બદલાઈ જવાનું. આપણા સામે આવતી વ્યક્તિને દર્પણની જેમ નિરખવી જોઈએ. કારણે કે આપણામાં જે સમાયેલું છે એ સામાવાળામાં દેખાવાનું છે. આપણી પાસે સારું હશે તો આપણને એમાં સારું, શુભ દેખાવાનું છે ને આપણી ખરાબ સંપદાઓ હશે તો બીજામાં પણ ખરાબી દેખાવવાની છે. માટે જીવનમાં હમેશા સારા ભાવ રાખવા જોઈએ, કલ્પવા જોઈએ જેથી છેવટે તો શુભ અને સારું થાય અને સદ્ભાવ ભર્યું જીવન ઘડાય આપણે આપણ સદ્ગુણોને સાચવીને દુર્ગુણોને જાણીએ અને તેને દૂર કરવાના પ્રયાસ કરીએ તો પરિવર્તન થવાનું જ છે એ નક્કી છે.

-જય જ્ઞાતિમૈયા

# ઉત્સવ ઉજવણીથી ઊર્જા મળે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ભારત દેશ એ ઉત્સવ પ્રિય દેશ છે. વિવિધ રાજ્ય, પ્રદેશ, પ્રાંતમાં અનેક ધર્મ, જાતિ સંપ્રદાયને માનતા લોકો પોતપોતાની પરંપરા, માન્યતા અને દેવોનો મહિમા મંડન કરવા ઉત્સવ ઉજવણી કરે છે. દિવાળી, હોળી, નવરાત્રી, ઉતરાણ એટલે કે મકર સંક્રાતિ, રામનવમી, હનુમાન જયંતી, જ ન્માષ્ટમી જેવા મુખ્ય તહેવારો સમગ્ર દેશમાં અતિ ઉત્સાહભેર ઉજવાય છે. તો બીજા વિવિધ ધર્મના લોકો પણ પ્રચલિત પરંપરા મુજબ ખાસ દિવસની ઉજવણી પરિવાર, સમાજના લોકો સાથે કરી ઊર્જા ભરે છે.

આમ તો દરેક ઉત્સવ-તહેવારોની ઉજવણી અનેક પ્રકારે થાય છે. જેનાથી વિવિધ રંગોની ભાત સર્જાય છે એ રંગોથી આપણું જીવન રંગીન બની જાય છે. પર્વ, ઉત્સવ તહેવારોની ઉજવણીને લીધે લોકોનું જીવન પ્રફુલ્લિત ખુશનુમા અને તાજગી ભર્યું બને છે. તહેવારોમાં પ્રકાર હોય છે. ધર્મ, ઋતુ, સંસ્કૃતિ, પ્રકૃત્તિને કેન્દ્રીત આ દિવસો સુષુપ્ત જીવનને જીવંત બનાવે છે. દેવી દેવતાઓને કેન્દ્રિત ઉત્સવો આપણને તેમના જીવન મહિમાથી જ્ઞાત બનાવે છે. તેમણે આપણી પર કરેલ કૃપા, રહેમ નજરની યાદ અપાવે છે. તો ઋતુને આધારિત તહેવારો વૈજ્ઞાનિક મહત્વના સાથે સ્વાસ્થ્ય માટે પણ લાભકારી હોય છે. તહેવારોની ઉજવણી કરતાં પ્રભુને ધરાવાતો ભોગ ભોજન થાળની વાનગીઓનું પણ વિશિષ્ટ મહત્વ હોય છે. જેને આરોગવાથી શરીરને જાણે ઔષધિ મળે છે.

સંસ્કૃતમાં કહેવાયું છે કે ઉત્સવ પ્રિયા જનાઃ એટલે કે લોકો ઉત્સવ પ્રિય હોય છે. જેમ નોકરિયાત વ્યક્તિ ક્યારે રજા હોય એની રાહ જુએ છે તેમ લોકો ક્યારે તહેવાર છે તેનો ઈન્તજાર કરે છે. અને એના પ્રમાણે તૈયારીઓ કરે છે. ઉત્સવ ઉજવણી કરવા લોકો તત્પર હોય છે પરંતુ પ્રવર્તમાન ટેકનોલોજીના સમય કાળમાં વ્યક્તિ કામની વ્યસ્તતા અને ધાંધલ ધમાલ શોર-કોલાહલના ત્રાસથી ત્રસ્ત થઈ ઉત્સવથી વિમુખ થતો જાય છે. તહેવારોના દિવસોમાં ઘર છોડીને પર્યટન સ્થળો એ ચાલી જાય છે. ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું ખૂબ જ મહત્વ રહેલું છે. ઉત્સવો આપણા જીવનમાં હર્ષોલ્લાસ સાથે વ્યક્તિમાં અલાયદા આનંદનો અનુભવ કરાવે છે. આમ ઉત્સવ આપણા જીવનમાં પ્રાણ વાયુની ગરજ પૂરી પાડે છે.

તહેવારોની ઉજવણીના દિવસે અડોશ પડોશ સાથે સ્નેહીજનો સાથે ભેટ મિલનથી આત્મીયતા વધે છે. વિચાર ભેદ, વેરભાવ વિસરીને પ્રેમના રંગોમાં લિપ્ત થઈ જાય છે. નાના હોય કે મોટા દરેકે દરેક પોતાની વય, ભેદ ભૂલી મોજ મસ્તીમાં રમમાણ થઈ પ્રસન્નતા, આનંદ અને મોકળાશથી સકારાત્મક ઊર્જાથી તરબતર થઈ જાય છે અને નવું જીવન પામે છે. એટલે જ ઉત્સવનો આજે પર્યાય શબ્દ ઉજાણી થઈ ગયો છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49% (p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# શ્રી ભલારા દાદાની સમૂહ પહેડી વિવિધ સ્થળોએ ઉત્સાહપૂર્વક ભક્તિભાવથી ઉજવાઈ

# શ્રી ભલારા દાદાની ૩૪મી સમૂહ પહેડી મુંબઈમાં ભક્તિ ભાવથી ઉજવાઈ







શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા શ્રી ભલારા દાદાની ૩૪મી સમૂહ પહેડી ગુડી પડવો મંગળવાર, તા.૯ એપ્રિલના ભવ્ય ઉત્સાહ ભાવ સાથે મેવાડ કેસરી ભવન, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ મધ્યે યોજાઈ. સાંજે ૫ કલાકે કુંભ સ્થાપના ત્યારબાદ પહેડી પ્રસાદના મુખ્ય લાભાર્થી પરિવાર માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લધ્ધાભાઈ લાપસીયા પરિવાર-રવા, ચેમ્બુર, માતુશ્રી પુષ્પાબેન આણંદજી લોડાયા પરિવાર બાંડીયા-ભાંડુપ ફાઈવ સ્ટાર કેટરિંગવાળાએ શ્રી ભલારા દાદાની પહેડી જુહારી લાભ લીધો હતો. ત્યારબાદ પ્રથમ આરતી ઉતારાઈ. સાંજે ૬.૧૫ કલાકે લગભગ ૨૭૦૦ ભાવિકોએ પધારેલ ભક્તોએ દાદાના દર્શન લાભ લઈ પ્રસાદનો લાભ લીધો હતો. છેલ્લે મંગળ આરતી કરાઈ હતી. ભક્તિ સંગીત ચેતના હરીયા અને પાર્ટીએ કરેલ હતી. આ કાર્યક્રમમાં લોકસભા ચૂંટણીના ઉમેદવાર મિહિર કોટેચાએ દર્શનનો લાભ લીધો હતો. (તસવીર : તીલક લોડાયા)



# શ્રી ભલારા દાદાની ૩૪મી સમૂહ પહેડી મુંબઈમાં ભક્તિ ભાવથી ઉજવાઈ


















# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન બેંગ્લોર દ્વારા ભલારાદાદાની સમૂહ પહેડી આયોજન થયું



તા.૯ એપ્રિલ મંગળવાર ઉગાદી ગુડીપડવા પર્વ દિને કચ્છી ભવન બેંગ્લોર મધે ભલારાદાદાની પહેડીનું આયોજન શ્રી ક.દ.ઓ.જૈન મહાજન બેંગ્લોર દ્વારા ભાવ ભક્તિ સાથે કરાયું હતું. જ્ઞાતિના ભાઈ-બહેનો શ્રધ્ધા સાથે ભક્તિ કરી હતી અને દર્શન વંદન સાથે પહેડી પ્રસાદનો ધન્ય લાભ લીધો હતો. આ સમાચાર માહિતી બેંગ્લોર મહાજનના સેક્રેટરી મિતેશ લોડાયા દ્વારા આપવામાં આવી હતી.





# શ્રી નાસિક ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન દ્વારા ભલારાદાદાની સમૂહ પેડી યોજાઈ



તા.૯ એપ્રિલ બુધવારના સાંજ સમયે શ્રી નાસિક ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન દ્વારા નાસિક મધે ભલારાદાદાની સમૂહ પહેડીનું આયોજન કરાયું હતું. ૧૫૦ જેટલા જ્ઞાતિ ભાઈ-બહેનો શ્રધ્ધાપૂર્વક જોડાયા હતા અને ભાવપૂર્વક ભલારાદાદાની ભક્તિ કરી હતી. આરતી સાજે પૂજન દર્શન અને પહેડી પ્રસાદનો સૌ લાભ લીધો હતો.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT


**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સંજીવની યોજનામાં પેટ્રન તરીકે જોડાનારા દાતાઓની ઉદારતાને નમન




દયા એ કરૂણા, ઉદારતા અને સેવાનો વાસ્તવિક સ્વીકાર છે. સ્વપીડા કરતાં પરપીડાને સમજનારા ઉદાર માનવીય ગુણો ધરાવે છે. શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની મેડિકલ સમિતિની જ્ઞાતિજનોને માટે અતિ ઉપયોગી, આધારભૂત અને ભરોસાપાત્ર સંજીવની યોજના સંકટ સમયમાં સહારો આપતી યોજના છે. જેની સફળતાથી માનવીય મૂલ્યો ઉજાગર કરવાના ગુણથી જ્ઞાતિના દાતાઓને આકર્ષે છે અને સદ્ભાવ માટે પ્રેરે છે. સંજીવની યોજનાનો ભંડોળ જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને સુયોગ્ય રીતે સહાયરૂપ બને છે.

સંજીવની યોજનાની સેવા સુવાસથી પ્રેરિત થઈને રૂા.૫૧ હજારનું ઉદાર અનુદાન શ્રી કે.ડી.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ એ નોંધાવી સુવર્ણ પેટ્રનની યાદીમાં જોડાયા છે. તો રૂા.૨૫ હજારનું અનુદાન આપી સ્વ.ડૉ.રાજેન્દ્ર એમ. કુરૂવા ગોધરા-મુલુંડની પુણ્યસ્મૃતિમાં હસ્તે ડૉ.મંજુષા કુરૂવા રજત પેટ્રન તરીકે સામેલ થયા છે.

સેવા, સંગઠન સંસ્થા શ્રી કે.ડી.ઓ. જૈન સર્વોદય મંડળના પ્રત્યે પદાધિકારી તથા કાર્યકરો અને કુરૂવા પરિવારની સેવા ભાવનાની કદર દાનીની ભૂરી ભુરી અનુમોદના સાથે તેમના ઉમદા સેવા કાર્ય અને માનવીય વલણને અઢળક શબ્દોથી વધાવીએ છીએ.

# સંજીવની કેસ નં.૧૩૯ માટે જોઈએ છે રૂા.૨.૨૦ લાખ

Samast Mahajan, Sanjivani Initiative

# CASE No.: 139

## DONATION NEEDED!

## Miss Sakshi S Nagda

**Age: 10 - Tirupur, Parjau**

Having defect in heart since birth. Requires Surgery called device closure of ventricular septal defect.



**DONATION REQUIRED**

**Rs. 2.20 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

**Avail tax benefit under section 80G.**

*Submit Aadhar & Pan card Copy.

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

# શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન ભુજ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા




શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન ભુજ દ્વારા સમાજવાસીઓની વિશાળ ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમો એકમ-ભવન ભુજ મધ્યે યોજાયા હતા.

મહાકાળી માતાજીની ભાવનામાં દિલીપ મોતા, લલીત ડાઘા, ખુશાલ ખોના, ગીતાબેન લોડાયા, જયાબેન મુનવર, અનીલ શાહ, હેમંત મોમાયા, મનીષ ધરમશીએ રમઝટ બોલાવી હતી. બહેનોએ રાસની રમઝટ જમાવેલ.

કાર્યક્રમનાં દાતાશ્રી ખમાવંતીબેન મહેન્દ્ર લોડાયા, જયાબેન પ્રબોધ મુનવર, લીલાવંતીબેન હીરાચંદ છેડા પરિવારોની અનુમોદના કરવામાં આવેલ.

કચ્છી દશા ઓશવાળ જૈન મહાજનશ્રી ભુજની નવી કારોબારીની રચના કરવામાં અવેલ. મહાજનશ્રીનાં પ્રમુખ તરીકે શ્રી પ્રબોધભાઇ એચ. મુનવરની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ.

મહિલા મંડળનાં પ્રમુખ તરીકે જયાબેન મુનવર તથા યુવક મંડળના પ્રમુખ તરીકે તુષારભાઇ જૈનની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. મહાજનશ્રીનાં ઉપપ્રમુખ તરીકે દિલીપભાઇ મોતાની વરણી થયેલ. તેમજ સલાહકાર સભ્ય તરીકે શ્રી પ્રિતિબેન ડી. મોમાયાની વરણી કરવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા દિલીપ મોતા, હીરાચંદ છેડા, અભય ધરમશીં, મહેન્દ્ર લોડાયા, કિરણ નાગડા, હરીશ લોડાયા, પંકજ નાગડા, દીપેશ શાહ, નીરવ મોતા, અનીલ ડાઘા, નયન મૈશેરી, ફેનીલ લોડાયા, ખુશાલ લોડાયાએ જહેમત ઉઠાવી હતી.

સમાજનાં આગેવાનો મહેશભાઇ લોડાયા, ખુશાલભાઇ નાગડા, રમેશભાઇ ખોના, મુલચંદ મુનવર, કલ્યાણજીભાઇ ડાઘા, મણીલાલભાઇ ગોશર, બિરેન નાગડા, ઠાકરશીંભાઇ મૈશેરી, નિર્મલ નાગડા, કાન્તીલાલ પોલડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




# મોટી ખાવડીના માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવારના સહયોગથી ઘાટકોપર મધ્યે એન્કરવાલા રક્તદાન શિબિર યોજાઈ




તા.૭ એપ્રિલ રવિવારના શ્રી કચ્છ યુવક સંઘ ઘાટકોપરમાં આયોજિત ૪૭ મી એન્કરવાળા રક્તદાન શિબિરનું ભવ્ય આયોજન શ્રી જીરાવલ્લા જિનાલય ઘાટકોપર સ્થળે મોટી ખાવડીના માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવારના આત્મીય સહયોગથી સવારે ૯ થી ૫ કલાક સુધી યોજાઈ હતી.

આમંત્રણને માન આપી શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના પદાધિકારીઓ આપી હતી. તેમનું બહુમાન માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર તરફથી પુષ્પગુચ્છ આપીને કરાયું હતું.

માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર દ્વારા વર્ષોથી રક્તદાન શિબિર યોજવા માટેનો સહયોગ મળતો આપ્યો છે. એમના દ્વારા એક અતિ ઉત્તમ માનવીય સેવા કાર્ય થઈ રહ્યું છે. દર વર્ષે શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીમાં નોટબુકના મુખપુષ્ઠના લાભાર્થી પરિવારના શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી અભિવંદના કરી. લોડાયા પરિવાર દ્વારા થતાં સેવા કાર્યનો શત શત મુખે વધાવે છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કાંતાબેન લાલકા**
તા.૧૦ એપ્રિલ (ઉ.૯૧)
વારાપધર-ઘાટકોપર



**ધર્મેન્દ્રભાઈ નાગડા**
તા.૧૧ એપ્રિલ (ઉ.૪૬)
માટુંગા-નલિયા



**વિનોદભાઈ મૈશેરી**
તા.૧૨ એપ્રિલ (ઉ.૭૨)
જખૌ-મસ્જીદ બંદર



**જીતેન્દ્રભાઈ મૈશેરી**
તા.૧૩ એપ્રિલ (ઉ.૭૧)
કુઆપધર-અલ્પઈ



**મીનાબેન ધરમશી**
તા.૧૩ એપ્રિલ (ઉ.૭૫)
ગોરખડી-કોચિન

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● માંડવી તાલુકાના નાની ખાખર ગામના યુવા પ્રતિભાશાળી બોલર આદિત્ય જાડેજાએ રણજી ટ્રોફીમાં પદાર્પણ કર્યું હતું. કચ્છના ખેલાડીઓ સિઝન બોલ ક્રિકેટમાં ધીરે ધીરે આગળ વધી રહ્યાં છે. ત્યારે રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝારખંડ વચ્ચેની રણજી ટ્રોફી મેચ રમાઈ. જેમાં સૌરાષ્ટ્ર ટીમ વતી રમતાં કચ્છી બોલર આદિત્ય જાડેજાએ ૧૨ ઓવરમાં ૫ મેઈડન ૩૪ રન આપીને ૨ વિકેટ લીધી હતી. કચ્છી ખેડૂત પુત્ર એવા આદિત્ય દનુભા જાડેજાના સારા પ્રદર્શનથી રાજપૂત ક્ષત્રિય સમાજ સાથે કચ્છના ક્રિકેટપ્રેમીઓ અને ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી હતી.

● ઉદ્યોગપતિ સમાજસેવી અને કચ્છના વિકાસમાં યોગદાન આપનારા કાન્તિસેન શ્રોફ 'કાકા'ના જન્મદિવસે એગ્રોસેલ હાઉસમાં 'કાકા'નું જીવન ચરિત્ર આલેખતા પુસ્તક 'યુ કેન કોલ મી કાકા'ના અનૌપચારિક વિમોચનનો એક અનોખો અવસર ઉજવાયો. સહ વીર્ય કરવા વહૈના મંત્રને જીવન મંત્ર બનાવનારા આ કર્મવીરના લેખિકા ફિરોઝીબેન અંજીરબાગના આ પુસ્તકનું લોકાર્પણ કાકાની આઠ વર્ષીય પ્રપૌત્રી કેયા શ્રોફને હસ્તે કરાયું હતું. વિજ્ઞાન કે રસાયણ શાસ્ત્રનો કોઈ ઔપચારિક શિક્ષણ વિના એમણે ઉદ્યોગને સફળતાના શિખરે પહોંચાડ્યો હતો.

● મંગળ ગ્રહ ઉપર જે લાલ માટી – જેરો સાઈડ ખનિજ છે તેવી જ માટી કચ્છના સુપ્રસિદ્ધ માતાના મઢની આસપાસ ત્રણથી ચાર સ્થળે આવેલી છે. ઈસરોના વૈજ્ઞાનિકો ભૂસ્તર શાસ્ત્રીઓ, અંતરિક્ષ વિષયના અભ્યાસુ વિદ્યાર્થીઓ આ સ્થળોની મુલાકાત લઈ ચૂક્યા છે અને જેરો સાઈડ ખનિજ અહીં વિપુલ પ્રમાણમાં હોવાની તથા ભવિષ્યના અભ્યાસ માટે આ સ્થળઓ મહત્વના હોવાનું અભિપ્રાય તેઓ આપી ચૂક્યા છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ભારત ઉપરાંત કેનેડા, યુ.કે., યુ.એસ.એ. વિગેરે દેશના અધ્યનકર્તાઓ પણ આ મંગળ ગ્રહ જેવા સ્થળોનું તલસ્પર્શી અધ્યન કરી ગયા છે. આવા ચાર પૈકીનો એક સ્થળ માતાના મઢના હેલીપેડની પાછળના ભાગે જી.એમ.ડી.સી.એ ખોદાણ શરૂ કર્યું છે. જેને લીધે જાણકારો આ બાબતે ચિંતા સેવી રહ્યા છે.

● ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી કચ્છના પ્રવાસે આવી ધોરડો સફેદ રણ ઉપરાંત હડપ્પન નગરની વિશ્વ વિરાસત સાઈટ ધોળાવીરાની મુલાકાત લીધી હતી. અહીંની સમગ્ર નગર રચના અને ત્યાં થઈ રહેલા સંશોધનની રસપૂર્વકની વિગતો તેમણે મેળવી હતી. આપણા પૂર્વજો એ સુનિયોજિત મહાનગરો એ કાળમાં વિકસાવ્યાં હોવાનો ભાવ તેમણે પ્રગટ કર્યો હતો. પત્ની દર્શના દેવજી સાથે આવેલા રાજ્યપાલ દેવવ્રતજીએ ખડીર બેટ સ્થિત ધોળાવીરા મ્યુઝિમ ખાતે પુરાત્વ વિભાગના અધિકારીઓ પાસેથી હડપ્પન સંસ્કૃતિના મહાનગર ધોળાવીરા વિશે મોડલની મદદથી પ્રાથમિક માહિતી રસપૂર્વક મેળવી હતી.

● દેશની લાઈફ લાઈન ગણાતી ભારતીય રેલવેમાં સમય જતા ઘણા બદલાવ આવ્યા છે. જેમાં વિદ્યુતીકરણ એક મોટો બદલાવ છે. કચ્છમાં પણ જાન્યુઆરી માસથી ઈલેક્ટ્રિક એન્જિન સાથે ટ્રેનો દોડતા તેની સાથે પેસેન્જર ટ્રેનો ખેંચતા ડીઝલ એન્જિનો નો યુગ પુરો થયો છે. આ સાથે વર્ષ ૧૯૫૫માં ગાંધીધામ બનેલો પ્રથમ ડીઝલ શેડ નેરોગેજ, બ્રોડગેજ બાદ ત્રીજા રેલવેના ઈલેક્ટ્રીક યુગનો સાક્ષી બનશે. આ ડીઝલ શેડને ઈલેક્ટ્રીકમાં કન્વર્ટ કરવા માટે કામગીરીનો ધમધમાટ ચાલુ થઈ ગયો છે તેના માટે ૨૦ કરોડનો ખર્ચ મંજૂર થયો છે. અત્રે ૧૨ હજાર હોર્સ પાવરના એન્જિનું સમારકામ શક્ય બને.

● કચ્છમાં અને તેમાંય પશ્ચિમ કચ્છમાં ભૂર્ગભજળ ઘટતાં તેમજ તે ક્ષાર યુક્ત થઈ જતાં ઘણા અનુભવી ખેડૂતો બાગાયત તરફ વળ્યાં છે. ઉચ્ચ ગુણવત્તાના ફળ ફળાદીના ઉત્પાદનને વેગ મળતા તેની નિકાસ વધે છે જે સરવાળે રાષ્ટ્રને વિદેશી હુંડીયામણ બચાવીને મોટા ફાયદો કરાવે છે. અહીંના એક ખેડૂત જાત મહેનતથી છ એકર જમીનમાં ઉત્તમ પ્રકારનો દાડમનો ૪૦ ટન જેટલો પાક મેળવીને અન્ય કિસાનો માટે પ્રેરણારૂપ કામ કર્યું છે. છ એકર જમીનમાં ૨૪૦૦ દાડમના વૃક્ષ ૪૦ હજાર કિલો ઉપજ આપે છે. જેના ૨૪ લાખ રૂા. મળે છે. તેમાંથી રૂા.૧૪ લાખ ખર્ચના બાદ કરતાં ૧૦ લાખ કમાણી થાય છે.



Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA